# વાપીમાં જિલ્લાનું સૌથી મોટું DPMC તૈયાર થશે

**વીઆઇએની** 54મી એજીએમમાં પાણીના દરમાં થયેલા ઘટાડાથી સભ્યોને માહિતગાર કરાયા




વાપીઃ વાપી ઈન્ડસ્ટ્રીઝ એસોશિએશનની 54મી વાર્ષિક સાધારણ સભા ગુરુવારે સેન્ટ્રલ ઓફ એક્સિલન્ટમાં મળી હતી. આ સભામાં નોટિફાઈડ બોર્ડ દ્વારા પાણીના દરમાં થયેલા ઘટાડા અંગેની માહિતી આપવામાં આવી હતી. વીઆઈએની કામગીરી હવે પેપર લેસ થશે તે અંગે સભ્યોને માહિતગાર કરાયા હતા. આ સાથે વાપીમાં જિલ્લાનું સૌથી મોટું ડિઝાસ્ટર પ્રિવેન્શન એન્ડ મેનેજમેન્ટ સેન્ટરનું (DPMC)કામ દિવાળી સુધીમાં ચાલુ કરવાની જાહેરાત કરાઈ હતી.

વાપી વીઆઈએની 54ની વાર્ષિક સાધારણ સભા ગુરૂવારે સેન્ટ્રલ ઓફ એક્સિલન્ટ માં વીઆઈએ પ્રમુખ સતીષભાઈ પટેલના પ્રમુખ પણાં હેઠળ મળી હતી. આ સભામાં વાર્ષિક હિસાબો અને વર્ષ દરમિયાન થયેલી કામગીરીની માહિતી રજૂ કરવામાં આવી હતી. આ સભામાં ડ્રેનેજની કામગીરી અંગે પણ માહિતી અપાઈ હતી.

ખાસ કરીને લાંબા સમયથી વાપીમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેન્ટર અંગે સભામાં જાહેરાત થઇ હતી. નાણામંત્રી અને પારડી ધારાસભ્ય કનુભાઈ દેસાઈના પ્રયાસોના કારણે હાલ ડિઝાસ્ટર પ્રિવેંશન એન્ડ મેનેજમેન્ટ સેન્ટર (DPMC) નું ટેકનિકલ ટેન્ડરની પ્રક્રિયા ચાલી રહી છે.વાપી ડીવાયએસપી ઓફિસ પાસે જિલ્લાનુ સૌથી મોટુ ડિઝાસ્ટર પ્રિવેંશન એન્ડ મેનેજમેન્ટ સેન્ટર તૈયાર થશે. દિવાળી સુધીમાં આ પ્રોજેકટની કામગીરીનો આરંભ થશે તવું પણ જણાવવામાં આવ્યું હતું.

આ સેન્ટરથી માત્ર વાપી નહીં આજુબાજુના સરીગામ, ઉમરગામ, અતુલ, ગુંદલાવ જીઆઈડીસીને લાભ થશે. આ સભામાં વીઆઈએ સેક્રેટરી કલ્પેશ વોરા,મગન સાવલિયા,રાજુલ શાહ, એડવાઈઝરી બોર્ડના સભ્ય મિલનભાઈ દેસાઈ, યોગેશભાઈ કાબરિયા, પૂર્વ પ્રમુખ પ્રકાશ ભદ્રા સહિતના ઉદ્યોગપતિ સભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતાં.


ગિરીશ ભોયે

# ડાંગમાં સતત ચોથા દિવસે કમોસમી વરસાદ વાતાવરણમાં ઠંડક, પણ ખેડૂતોનાં હૈયાં દાઝ્યાં

**શાકભાજી** અને ફળફળાદી સહિતના પાકને ભારે નુકસાનની ભીતિ, સરકાર તાત્કાલિક સરવે કરાવી વળતર આપે તેવી માંગ

**બીજી** તરફ સાપુતારા સહિતના વિસ્તારોમાં કુદરતી સૌંદર્ય ખીલી ઊઠ્યું, સહેલાણીઓને મોજ પડી

સાપુતારાઃ ડાંગ જિલ્લામાં સતત ચોથા દિવસે કમોસમી વરસાદનો કહેર જોવા મળ્યો હતો, અનેક વિસ્તારોમાં છૂટો છવાયો વરસાદ નોંધાયો હતો. ભરઉનાળામાં વરસી રહેલા આ વરસાદને કારણે ખેડૂતો ભારે મુશ્કેલીમાં મુકાયા છે અને તેમના પાકને મોટું નુકસાન થયું છે. છેલ્લા ચાર દિવસથી ડાંગ જિલ્લાનું વાતાવરણ અચાનક પલટાયું છે અને ઉનાળામાં ચોમાસાની ઋતુનો અહેસાસ થઈ રહ્યો છે. ગુરુવારે વહેલી સવારથી જ આકાશમાં કાળાડીંબાગ વાદળોએ ઘેરાવો ભર્યો હતો અને ક્યાંક સવારનાં અરસામાં તો ક્યાંક બપોર બાદ વરસાદ તૂટી પડ્યો હતો.

ડાંગ જિલ્લાનાં આહવા, વઘઈ, સુબીર, સાપુતારા સહિત પૂર્વ પટ્ટી અને સરહદીય પંથકનાં ગ્રામ્ય વિસ્તારોમાં હળવોથી મધ્યમ વરસાદ નોંધાયો હતો, જેને પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે. કમોસમી વરસાદ ખેડૂતો માટે આફતરૂપ સાબિત થઈ રહ્યો છે. શાકભાજી સહિત ફળફળાદી જેવા પાકને ભારે નુકસાન થઈ રહ્યું છે. આ ઉપરાંત, શાકભાજીના પાકને પણ સતત ભેજના કારણે રોગ લાગવાની અને બગડી જવાની શક્યતા વધી ગઈ છે. ખેડૂતોએ આખા વર્ષ મહેનત કરીને શાકભાજી સહીત ફળફળાદી પાકોને તૈયાર કર્યો હતો, પરંતુ આ વરસાદે ખેડૂતોની બધી આશાઓ પર પાણી ફેરવી દીધું છે. ત્યારે રાજ્ય સરકાર તાત્કાલિક સહાય કરે તેવી માંગ પણ ઉઠી ઓછે. ગિરિમથક સાપુતારા ખાતે સતત ચોથા દિવસે કમોસમી વરસાદ પડતા સમગ્ર સ્થળોનું વાતાવરણ આહલાદક બની જવા પામ્યું હતું. વરસાદી માહોલ અને ઉન્માદક વાતાવરણનાં પગલે સાપુતારા ખાતે ફરવા આવેલ પ્રવાસીઓની મોજ પડી ગઈ હતી.

# બુટલેગરોનો વધુ એક નવો કીમિયો નિષ્ફળ, કેશ વાન ડિઝાઈનના ટેમ્પોમાંથી 4.47 લાખનો દારૂ ઝડપી પડાયો

**નવસારી** એલસીબી પોલીસનું ને.હા. નં.48 પર ચીખલી-સમરોલી ઓવરબ્રિજ પાસે સફળ ઓપરેશન

**બેની** ધરપકડ કરી 9.52 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો, ટેમ્પોમાં દારૂ ભરાવનાર સહિત બે વોન્ટેડ

નવસારીઃ નેશનલ હાઈવે નં. 48 ઉપર ચીખલી સમરોલી પાસેથી નવસારી એલ.સી.બી. પોલીસે કેશ વાન ડીઝાઈનના ટેમ્પામાંથી 4.47 લાખના વિદેશી દારૂ સાથે બેને ઝડપી પાડ્યા હતા. જ્યારે અન્ય બેને વોન્ટેડ જાહેર કરી આગળની તજવીજ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, હાલમાં નવસારી જિલ્લામાં દારૂબંધીનો કડક અમલ થઈ રહ્યો છે. નવસારી જિલ્લા પોલીસે બુટલેગરો ઉપર ભારે સકંજો કસ્યો છે. પરંતુ બુટલેગરો પોલીસની આંખમાં ધૂળ નાંખી નવસારી સહિત અન્ય જિલ્લાઓમાં વિદેશી દારૂનો જથ્થો ઘુસાડવાના પ્રયત્નો કરી રહ્યા છે. જેના માટે બુટલેગરો પોલીસના ધ્યાને ન આવે તેવા વાહનોમાં દારૂ ભરીને હેરાફેરી કરવાનો કીમિયો અપનાવી રહ્યા છે.

જો કે નવસારી જિલ્લા પોલીસે બુટલેગરોના દારૂ ઘુસાડવા માટે ઉપયોગ કરેલા નવા કીમીયાને નિષ્ફળ બનાવ્યો છે.

નવસારી લોકલ ક્રાઈમ બ્રાંચ પોલીસે નેશનલ હાઈવે નં. 48 ઉપર ચીખલી સમરોલી ઓવરબ્રિજ પાસેથી મુંબઈથી અમદાવાદ જતા ટ્રેક પરથી હિટાચી કેશ મેનેજમેન્ટ સર્વિસ લખેલા કેશ વાન ડીઝાઈનના ટેમ્પો (નં. એમએચ-05-ડીકે-8911)ને રોકી તપાસ કરી હતી. જેમાંથી પોલીસને 4,470,840 રૂપિયાની વિદેશી દારૂની 2052 બાટલી મળી આવી હતી. પોલીસે સુરતના બારડોલી તાલુકાના આર.ટી.ઓ. પાસે માતા ફળીયામાં રહેતા અક્ષય કાલીદાસ રાઠોડ અને બારડોલી શાકભાજી માર્કેટની સામે શેઠ ફળીયામાં રહેતા ધીરજ રાજેશભાઈ ગામીતને ઝડપી પાડ્યા હતા.

પોલીસે અક્ષય અને ધીરજની પૂછપરછ કરતા રાહુલ નામના ઇસમે દારૂ ભરેલો ટેમ્પો દમણ એરપોર્ટવાળા રસ્તેથી લાવી અક્ષય રાઠોડ પાસેથી મોબાઈલ માંગી તેના બદલે અન્ય મોબાઈલ આપી પલસાણા પહોંચી ટેમ્પો ઉભો રાખી તેના ઉપર ફોન કરવા માટે જણાવ્યું હતું. જેથી પોલીસે રાહુલ અને પલસાણા હાઈવે પર દારૂ ભરેલો ટેમ્પો લેવા આવનાર ઈસમને વોન્ટેડ જાહેર કર્યા હતા. પોલીસે ઘટના સ્થળેથી વિદેશી દારૂ સહિત 5 લાખનો ટેમ્પો અને 5 હજાર રૂપિયાનો મોબાઈલ મળી કુલ્લે 9,52,840 રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તજવીજ હાથ ધરી છે.

# આઈટી કંપનીમાં કામ કરતો યુવાન આઈપીએલમાં ડ્રીમ ઈલેવનમાં દેવાદાર બનતાં ચોર બની ગયો

**સુરતથી** મોપેડ ચોરી કરી વલસાડમાં આવી olx પર વેચવા મૂકી, પેટ્રોલ પૂરું થઈ જતાં બીજી મોપેડ ચોરી વેચવા જતાં પકડાયો



વલસાડઃ આઈપીએલ ડ્રીમ ઈલેવનમાં લોકોને કરોડપતિ બનાવે છે. સુરત આઈટી કંપનીમાં કામ કરતા વલસાડના યુવાનને દેવાદાર બનાવીને ચોરી કરવા પર મજબૂર કરતાં olx પર મોપેડ ચોરી કરીને વેચવા જતાં વલસાડ સીટી પોલીસના હાથે ઝડપાયો હતો.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, વલસાડ તીથલ રોડ સર્વાની રેસિડેન્સી એપાર્ટમેન્ટ એ વિંગ ફ્લેટ નં. 802 માં રહેતા ગાયત્રીબેન ઉત્પલભાઈ ઠાકોરે એમની મોપેડ (નં. જીજે 15 ડીપી 6278) પાર્કિંગમાં પાર્ક કરી હતી. એ દરમિયાન કોઈ ચોર ઈસમ મોપેડ ચોરી કરી ગયા હતા. જેની ફરિયાદ વલસાડ સિટી પોલીસમથકે નોંધાઈ હતી. દરમિયાન બિલ્ડિંગમાં લાગેલા સીસીટીવી કેમેરા ચેક કરતાં વલસાડના તિથલ રોડ ઉપર આવેલી સરદાર હાઈટ બિલ્ડિંગમાં રહેતા અભિષેક દિનેશ રાય ઠક્કા મોપેડ લઈ જતાં નજરે પડ્યો હતો. જેની પોલીસે ધરપકડ કરી અભિષેકની વધુ પૂછપરછ કરતાં તેઓ સુરત આઈટી કંપનીમાં નોકરી કરતો હતો. નોકરી કરતા ipl dream11 માં કરોડપતિ બનવા માટે ટીમ લગાવતો હતો પણ એમાં દેવાદાર બની જતાં તેઓએ દેવું ઓછું કરવા માટે ચોરી કરવાનું ચાલુ કર્યું હતું અને અભિષેકે સુરતથી મોપેડ (નં જીજે 05 એચયુ 6301) ચોરી કરીને olx પર વેચવા માટે મૂકી હતી અને વલસાડ આવતા એમાં પેટ્રોલ પૂરું થઈ જતાં મોપેડ વલસાડ સરદાર હાઈટ બિલ્ડિંગના પાર્કિંગમાં પાર્ક કરીને બીજી મોપેડ ચોરી કરીને વેચવા જતાં પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો. હાલમાં પોલીસે એમની ધરપકડડ કરીને વધુ તપાસ હાથ ધરી છે.

# નોકરી છૂટી જતાં બેકાર યુવાને વાપીમાં વૃદ્ધાની સોનાની ચેઈન આંચકી હતી

**નિવૃત્ત** આચાર્યાના ગળામાંથી અઢી તોલા સોનાની ચેઈન ખેંચી ફરાર થયો હતો, ગણદેવીના પોસંગથી ઝડપાયો

## ચોરી કરેલી ચેઈન બેંકમાં ગીરવે મૂકી રોકડા 90 હજાર લીધા

વૃદ્ધાની ચેઈન આંચકી તેણે બીલીમોરા રેલવે સ્ટેશન નજીક આવેલ ધી ગણદેવી પીપલ્સ કો.ઓ.બેંકમાં ગીરવે મૂકી હતી અને તેના બદલામાં રૂ.90 હજાર રોકડા લીધેલા હોવાનું પોલીસ સમક્ષ જણાવ્યું હતું. પોલીસે એક મોબાઈલ ફોન કબજે કરી વાપી ટાઉનમાં નોંધાયેલ ચેઈન સ્નેચીંગનો ગુનો ઉકેલી કાઢવામાં સફળતા મળી હતી.

વાપીઃ વાપી ટાઉન તપોવન બિલ્ડિંગના કંપાઉન્ડમાંથી નિવૃત્ત આચાર્યાના ગળામાંથી અઢી તોલા સોનાની ચેઈન ખેંચી તસ્કર ફરાર થઈ ગયેલા આરોપીને એલસીબી ટીમે ગણદેવી તાલુકાના પોસંગ ગામથી ઝડપી પાડ્યો હતો.

વાપી હનુમાન મંદિર પાસે દેસાઈવાડમાં આવેલા તપોવન બિલ્ડીંગમાં રહેતા નિવૃત આચાર્ય મૃદુલાબેન ચંદ્રકાંત ભટ્ટ (ઉં.વ.73) ગત તા.16-4-25 ના રોજ બેંકના કામાર્થે ચાલતા ગયા હતા અને પરત તપોવન બિલ્ડિંગના કંપાઉન્ડમાં પહોંચ્યા ત્યારે પાછળથી એક અજાણ્યો ઈસમ આવ્યો હતો અને ગળામાં પહેરેલી રૂ.1.84 લાખની અઢી તોલાની સોનાની ચેઈન ખેંચી ભાગી છૂટયો હતો જે બનાવની ફરિયાદ વાપી ટાઉન પોલીસમથકમાં કરી હતી. જે ગુનામાં વલસાડ એલસીબી ટીમે સીસીટીવી ફૂટેજ અને મળેલી બાતમી આધારે ગણદેવી તાલુકાના પોસંરી ગામ, માસ્કરા ફળિયામાં રહેતા ફેનિલકુમાર ઉર્ફે ફકુ જયોતિન્દ્રભાઈ પટેલ (ઉં.26)ને ઝડપી પાડવામાં આવ્યો હતો. પકડાયેલ ઈસમની પૂછપરછ કરતાં એક મહિના પહેલા તેની નોકરી છૂટી ગયેલી હોય જેથી ચોરી કરવાનું નક્કી કર્યુ હતું અને તેણે વાપી હનુમાનજી મંદિર પાસેથી ચાલતી જઈ રહેલી વૃદ્ધાના ગળામાં સોનાની ચેઈન ખેંચી લેવાનું નક્કી કરી પીછો કર્યો હતો અને ચેઈન આંચકી ભાગી છૂટયો હતો.

# સેલવાસથી ભાવનગર ટેમ્પોમાં લઈ જવાતો દારૂનો જથ્થો ભીલાડ તલવાડાથી ઝડપાયો

**9.16** લાખના મુદ્દામાલ સાથે ક્લીનરની ધરપકડ, ડ્રાઈવર નાસી છૂટ્યો

ઉમરગામઃ સેલવાસથી ભાવનગર ટેમ્પોમાં લઈ જવાતો દારૂનો જથ્થો ભીલાડ તલવાડામાંથી વલસાડ એલસીબી પોલીસે પકડી પાડ્યો હતો અને રૂપિયા 4,15,800 નો દારૂનો જથ્થો તથા 5 લાખની કિંમતનો ટેમ્પો કબજે કરી ક્લીનરની અટક કરી હતી અને ડ્રાઈવર નાસી જતાં વોન્ટેડ જાહેર કર્યો હતો

પ્રાપ્ત પોલીસ સુત્રો પાસેથી જાણવા મળતી વિગતો મુજબ વલસાડ એલસીબી પોલીસને મળેલી બાતમીના આધારે ઉમરગામ તાલુકાના ભીલાડ પોલીસ સ્ટેશનની હદમાં તલવાડા હાઈવે ખાતેથી દારૂ ભરેલો એક આઈસર ટેમ્પોને પકડી પાડ્યો હતો ટેમ્પોમાંથી વિસ્કીની બાટલી નંગ 2400 કિંમત રૂપિયા 4,15,800 નો દારૂનો જથ્થો મળી આવતા તે કબજે લીધો હતો એક મોબાઈલ તથા પાંચ લાખની કિંમતનો ટેમ્પો મળી કુલ રૂપિયા 9,16,300 નો મુદ્દામાલ તપાસ અર્થે કબજે લઈ ક્લીનરની અટક કરી હતી જ્યારે ડ્રાઈવર મનોજગીરી કૈલાસગીરી ગોસ્વામી નાસી જતા તેને વોન્ટેડ જાહેર કર્યો હતો આ દારૂનો જથ્થો લસણના ફોતરી ભરેલ થેલાઓની આડમાં સંતાડીને સેલવાસ ખાતેથી ચોરી છુપેથી ભરીને ભાવનગર લઈ જવામાં આવી રહ્યો હતો વલસાડ એલસીબી પોલીસે ભીલાડ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાવી પકડાયેલા આરોપી તથા મુદ્દામાલ પોલીસને તપાસ અર્થે સુપ્રત કરતા ભીલાડ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે



# બાજીપુરા-ડોલવણ સ્ટેટ હાઈવે ઉપર રોડ સેફ્ટીના કાયદાનું ફીંડલું વળી ગયું

**ડિવાઇડર** વચ્ચે મિડિયન કટથી અકસ્માતની વણઝાર, પેટ્રોલ પંપ, હોટલ, હોસ્પિટલ કે મોલનાં બાંધકામોમાં ઇન-આઉટની કોઈ સુવિધા નહીં

**મામૂલી** સ્વાર્થ ખાતર મનસ્વી રીતે ડિવાઇડર વચ્ચે બિન અધિકૃત મિડિયન કટ કરી આપ્યા

**જો કે,** કાગળના પાને ડિવાઇડર વચ્ચેના મોટા ભાગના મિડિયન કટનો કોઈ ઉલ્લેખ નથી, સ્ટેટ ધોરી માર્ગના કાયદા ભાજીમૂળા બન્યા

## વાલોડ સ્ટેટ ધોરી માર્ગના ડી.ઈ.નો સંપર્ક ન થયો

વાલોડ સ્ટેટ ધોરી માર્ગના ડી.ઈ. જે.એ.પટેલનો આ રોડ સેફ્ટી મામલે સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો, પણ સંપર્ક થઈ શક્યો ન હતો.

વ્યારાઃ બાજીપુરાથી વાલોડ, બુહારી થઈ ડોલવણ તરફ પસાર થતા સ્ટેટ ધોરી માર્ગ પર પેટ્રોલ પંપ, હોટલ, હોસ્પિટલ કે મોલ આવાં તમામ બાંધકામોમાં રોડ સેફ્ટીના કાયદાના ધજિયા ઊડી રહ્યા છે. જૂના સુરત-ધુલિયા રોડ ઉપર બાજીપુરા ગામે નેશનલ હાઈવેથી માત્ર ૧૦૦ મીટરના અંતરે સ્ટેટ હાઈવે પરનું ડિવાઈડર તોડી પાડી ગેરકાયદે રસ્તો બનાવી દેવાના કારણે બેફામ અકસ્માતો સર્જાઈ રહ્યા છે. સ્ટેટ ધોરી માર્ગના જવાબદાર અધિકારીનું પણ અનેકો વખત ધ્યાન દોરાયું, પરંતુ પોતાનો ઉલ્લું સીધો કરી લેતાં હજુ સુધી આ ડિવાઈડર બંધ કરવાની કોઈ કાર્યવાહી કરી નથી. હાઈવેનાં કિનારે દબાણો, વેપારી પ્રવૃત્તિઓ માટે ડિવાઈડર તોડી પાડવા મામલે સખત પગલાં ભરવા સરકારે ફતવો બહાર પાડ્યો છે. હાઈવે ઓથોરિટી, પીડબ્લ્યૂડીના અધિકારીઓની જવાબદારી પણ નક્કી કરવામાં આવી છે. પરંતુ બાજીપુરા-ડોલવણના સ્ટેટ ધોરી માર્ગ પર આવા તમામ કાયદાનું ફીંડલું વાળી દેવાયું છે.

સ્ટેટ ધોરી માર્ગ પરના પેટ્રોલ પંપ, ઢાબા, હોટલો, દુકાનદારોના કિસ્સામાં ઈન-આઉટનો બંને તરફનો માર્ગ બનાવવો જરૂરી હોય છે. જેથી અકસ્માત નિવારી શકાય, જો આવી વ્યવસ્થા ન હોય તો રસ્તાની મંજૂરી અપાતી નથી. તેઓ સામે દંડાત્મક કાર્યવાહીની જોગવાઈ કરાઈ છે. હાઈવે પર નક્કી કરેલી સીમામાં હોર્ડિંગ્સ ન લગાવવા, હાઈવેનાં ડિવાઈડર તોડી રસ્તા બનાવવા જેવી બાબતોમાં સખત પગલાં લેવાના હોય છે. અહીં સ્ટેટ ધોરી માર્ગના અધિકારીઓ નીતિનિયમોની ઉપેક્ષા કરી દુકાનધારકો, હોટલો, પેટ્રોલ પંપના માલિકોને મામૂલી સ્વાર્થ ખાતર મનસ્વી રીતે ડિવાઈડર વચ્ચે બિન અધિકૃત મિડિયન કટ કરી આપ્યા છે.

જેથી અકસ્માતની બૌછાર સર્જાતા વાહનચાલકો વગર વાંકે દંડાઈ રહ્યા છે. જો કે, કાગળના પાને આ ડિવાઈડર વચ્ચેના મોટા ભાગના મિડિયન કટનો કોઈ ઉલ્લેખ કરાયો નથી. જાણે સ્ટેટ ધોરી માર્ગના કાયદા ભાજીમૂળા બન્યા હોય તેમ આ માર્ગે આવેલ એકેય પેટ્રોલ પંપમાં ઈન કે આઉટમાં કોઈ માર્ગ સુધ્ધાએ દેખાતા નથી.

સામાન્ય રીતે ધોરી માર્ગ પર એક તરફ ૮૦ ફૂટ અને બીજી તરફ ૧૦૦ ફૂટ જેટલો રસ્તો પેટ્રોલ પંપના માલિકોએ સ્વખર્ચે બનાવવાના હોય છે. વચ્ચેનો ભાગ બંધ રાખવાનો રહે છે. જેથી ધોરી માર્ગ પરથી પૂરપાટ ઝડપે પસાર થતાં અન્ય વાહનો સાથે અકસ્માત ન થાય. પરંતુ વાલોડ તાલુકામાંથી પસાર થતા સ્ટેટ ધોરી માર્ગના અધિકારીઓએ અકસ્માત નિવારવા માટેની આવી કોઈ વૈકલ્પિક સુવિધા વિના પેટ્રોલપંપ, હોટલો, કોમર્શિયલ બાંધકામો, શોપિંગ મોલ માટેની એનઓસી આપી દેતાં સમગ્ર સ્ટેટ ધોરી માર્ગ પર અકસ્માતો વધ્યા છે. વાલોડમાં અધિકારીઓ રસ્તા માટેની આડેધડ મંજૂરી આપી રહ્યા છે. અહીં ધોરી માર્ગ પર મિડિયન કટના નિયમોની ઠેકડી ઉડી રહી છે. હોટલ-પેટ્રોલ પંપ માલિકોથી નજીવો લાભ લઈ ડિવાઈડરને બિન અધિકૃત રીતે તોડી પાડ્યા પછી જાણે આ કટ કાયદેસરના હોય તેમ અધિકારીઓ સરકારને ઊંધા ચશ્મા પહેરાવતા તેના ઉપર રંગરોગાન કરી બિન અધિકૃત પ્રવૃત્તિ પર ઢાંકપિછોડો કરવાનો પ્રયાસ કર્યો છે. આ મામલે તપાસ ધરી જવાબદારો સામે કડક પગલાં ભરાય તે અકસ્માત નિવારવા જનહિત માટે જરૂરી બન્યું છે.


અમૃત પટેલ

# પારડીમાં કમોસમી વરસાદમાં વીજ પોલનો કરંટ પ્રસરતાં ગાયનું મોત

પારડીઃ પારડીમાં પડેલ કમોસમી વરસાદે જનજીવન પ્રભાવિત કર્યું છે. અનેક વિસ્તારોમાં વીજળી ખોરવાઈ જવા સહિતની સમસ્યાઓ સર્જાઈ છે. પારડી રામચોક વિસ્તારમાં ગૌમાતાને વીજ કરંટ લાગવાથી મોત નીપજ્યું હતું.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, વરસાદ વચ્ચે અચાનક આ વીજ થાંભલા પર કરંટ પ્રસરી ગયો હતો. એ સમયે ગૌમાતા આ પોલની નજીકથી પસાર થઈ રહી હતી. આ દુર્ઘટનાની જાણ આસપાસના વિસ્તારમાં ફેલાતાં લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને GEB ને જાણ કરી હતી. આ પ્રકારની ઘટના કોઈ મનુષ્યના જીવન માટે પણ જોખમરૂપ બની શકે છે.

આ અંગે ગૌરક્ષક કીર્તિભાઈ ભંડારીએ જણાવ્યું હતું કે ગૌમાતા ને કરંટ લાગવાથી મૃત્યુ પામી હતી. આ અંગે પાલિકાને જાણ કરતા સીઓ બી.બી. ભાવસારના માર્ગદર્શન હેઠળ સેનેટરી વિભાગના પંકજ ગરણીયાની ટીમે જેસીબીની મદદે ગૌમાતાની દફનવિધિ કરવાની તજવીજ હાથ ધરી હતી.

# વાપીમાં યાદવ યુવકનો મુંબઈથી આવેલા પરિવારના જમાઈ પર કોયતાથી હુમલો

વાપીઃ વાપીમાં યાદવ યુવકનો મુંબઈથી આવેલા પરિવારના જમાઈ પર કોયતાથી હુમલો થયો હતો.

મૂળ યુપી અને હાલ મુંબઈ રહેતા વિરેન્દ્રકુમાર હરેન્દ્ર યાદવ (ઉં.29) મુંબઈની કંપનીમાં સેલ્ફ એન્જિનીયર તરીકે નોકરી કરે છે. પાંચેક માસ અગાઉ ચણોદમાં રહેતા યાદવની દીકરી સાથે તેની સગાઈ થઈ હતી.

ગઈ 30-4-25ના રોજ દમણની દવાની કંપનીમાં કામકાજ હોવાથી તેઓ મુંબઈથી વાપી આવ્યા હતા અને ચણોદમાં સગાઈવાળા ઘરે રોકાયો હતો. સાસુના જેઠના છોકરા ભીમ યાદવને આ સગાઈ ગમતી ન હોવાથી તે અવાર-નવાર ઘરમાં ઝઘડો કરતો હતો.

જેની જાણ સાસુ અને તેની દીકરીએ ફોન પર કરી હતી. ગત 6-5-25ના રોજ તે હોટલમાં જમીને ઘરે આવેલા અને તે સમયે તેઓ ટીવી જોઈ રહ્યા હતા. રાત્રીના અઢી વાગ્યાની આસપાસ વિરેન્દ્રકુમાર અને ભીમ યાદવ ચણોદની હોટલમાં જ સૂઈ ગયા હતાં. સવારે આંઠેક વાગ્યાની આસપાસ વિરેન્દ્ર સુતેલો હતો, ત્યારે ભીમ યાદવે કોયતા જેવા હથિયારથી શરીરના ભાગે વાર કરી ઈજા પહોંચાડી હતી.

આ સમયે વિરેન્દ્રની સાસુ ત્યાં આવી ગઈ હતી. ત્યારે ભીમ યાદવે જાનથી મારી નાંખવાની ધમકી ઉચ્ચારી હતી. ઈજાગ્રસ્તને ખાનગી વાહનમાં નજીકની હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કર્યો હતો. જે બનાવ અંગેની ફરિયાદ વિરેન્દ્રકુમાર યાદવે વાપી ડુંગરા પોલીસ મથકમાં ભીમ યાદવ સામે નોંધાવી હતી.

# ઉમરસાડીમાં દારૂની બાતમી આપતો હોવાની શંકામાં યુવાનને ઢોર માર મરાયો

**ઇજાગ્રસ્તને** કારમાં બેસાડી સ્મશાનભૂમિ પાસે લઈ જઈ ફરીથી માર મારી 6 ઈસમ ભાગી છૂટ્યા


અમૃત પટેલ

પારડીઃ પારડીના ઉમરસાડીમાં 6 ઈસમો બાઈક, મોપેડ કારમાં આવી દારૂની બાતમી આપતા હોવાનો વહેમ રાખી યુવાનને લાકડા-પાઈપ વડે માર મારતા લોહી લુહાણ થયો હતો. જે અંગે પારડી પોલીસમથકે 6 વિરુદ્ધ મારામારીની ફરિયાદ નોંધાઈ હતી.

પારડીના ઉમરસાડી વાડી ફળિયામાં રહેતા અને દમણ દલવાડામાં બસ ડ્રાઈવર તરીકે નોકરી કરતાં જયેશભાઈ ઠાકોરભાઈ હળપતિ ગત 6 મે ના રોજ ટેમ્પો (નં. જીજે 19 એક્સ 5823) રાત્રિએ ટેમ્પો લઈને દમણથી કલસર બે માઈલથી કોસ્ટલ હાઈવે ઉપર પરત ઘરે જઈ રહ્યા હતા. ઢઢોળી ફળિયા પાસે કેતન ધનસુખભાઈ પટેલ (રહે., ઉમરસાડી, દેસાઈવાડ) મોપેડ લઈને આવી ટેમ્પોને ઓવરટેક કરી આગળ મૂકી દીધી હતી. જે બાદ ગૌરાંગ અર્જુનભાઈ પટેલ (રહે., દમણ, મોટીવાકડ), યોગેશ નારણભાઈ પટેલ (રહે., કોટલાવ), મનીષ શંકરભાઈ હળપતિ (રહે., ઉમરસાડી), કેતનના બે છોકરા પ્રથમ અને કૃણાલ સ્થળ ઉપર આવી પહોંચ્યા હતા. અમો દારૂનો ધંધો કરીએ છીએ તે બાબતે તું બધાને કહેતો ફરે છે અને અમારી કરજણ ખાતે દારૂ ભરેલી ગાડી પોલીસે પકડેલી તે બાતમી પણ તે જ આપેલી છે કહી ઢીકકામુક્કીનો માર માર્યો હતો. જે બાદ કેતન અને એના બે પુત્ર પ્રથમ અને કૃણાલ તથા મનીષે લાકડાના ફટકા માર્યા હતા. જે બાદ યોગેશની કારમાં ફરિયાદીને બેસાડી ઉમરસાડી કોસ્ટલ રોડ ઉપર સ્મશાન પાસે લઈ જઈ ઢીક્કામુક્કીનો માર મારી ત્યાંથી ભાગી છૂટ્યા હતા. જયેશને લોહીલુહાણ હાલતમાં પારડી હોસ્પિટલમાં તેને સારવાર હેઠળ ખસેડવામાં આવ્યો હતો. 6 ઈસમોએ માર મારતા પારડી પોલીસમથકે જયેશભાઈ હળપતિએ 6 વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

## નવસારીમાં વાતાવરણમાં ઉઘાડ, ગરમીનો પારો 7 ડિગ્રી વધ્યો

નવસારીઃ નવસારી જિલ્લામાં ઉનાળાની ઋતુમાં અઢી દિવસ સુધી ચોમાસા જેવું વાતાવરણ રહેતાં વાવાઝોડા સાથે વરસાદ પડ્યો હતો. જો કે, ગુરુવારે વાતાવરણમાં ઉઘાડ પડતાં લોકોએ હાશકારો અનુભવ્યો હતો. સાથે જ ગરમીનો પારો 7 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 2 ડિગ્રી વધ્યું છે. જો કે, પવનો ફુંકાતાં ગરમીનો અહેસાસ થયો ન હતો.